# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - 380014

## તા. 25/09/2013ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ

ગૂજરાત વિદ્યાપીઠની વર્ષ : 2013ની વિદ્યાસભાની તૃતીય બેઠક કુલનાયક ડૉ. સુદર્શન આયંગારના અધ્યક્ષસ્થાને તા. 25-09-2013ના રોજ સવારના 9-00 વાગ્યે મળનારી હતી, પરંતુ ભારે વરસાદને કારણે 10-30 વાગ્યે મુખ્ય કાર્યાલયના સમિતિ ખંડમાં મળી હતી. આ બેઠકમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| 1. | ડૉ. સુદર્શન આયંગાર | : | કુલનાયક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| 2. | પ્રો. કનુભાઈ નાયક | : | આચાર્ય, મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ. |
| 3. | ડૉ. જયપ્રકાશ પંડ્યા | : | કા. આચાર્ય, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ. વિ., અમદાવાદ |
| 4. | ડૉ. જમનાદાસ સાવલિયા | : | સંયોજક, મ. દે. શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા. |
| 5. | ડૉ. પ્રદીપભાઈ આચાર્ય | : | ઇન્ચાર્જ, વિજ્ઞાન એકમ, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા. |
| 6. | ડૉ. રાજીવભાઈ પટેલ | : | ઇન્ચાર્જ, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા<br>કા. સંયોજક, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા |
| 7. | ડૉ. કનૈયાલાલ નાયક | : | સંયોજક, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા. |
| 8. | ડૉ. સંધ્યાબહેન ઠાકર | : | પ્રાધ્યાપક, આજીવન શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગ, અમદાવાદ. |
| 9. | ડૉ. મહેશભાઈ ગામીત | : | કા. અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજમાનવશાસ્ત્ર વિભાગ, ગૂ. વિ., |
| 10. | ડૉ. અજયભાઈ પરીખ | : | ઇન્ચાર્જ, કમ્પ્યૂટર વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 11. | ડૉ. મહેબૂબ દેસાઈ | : | અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મ. દે. સ. મહા., અમદાવાદ |
| 12. | ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય | : | અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, મ. દે. સ. મહા., અમદાવાદ. |
| 13. | ડૉ. પુષ્પાબહેન મોતિયાની | : | કા.અધ્યક્ષ, ગાંધીદર્શન / શાંતિસંશોધન કેન્દ્ર, ગૂ. વિ., અમદાવાદ. |
| 14. | ડૉ. આનંદીબહેન પટેલ | : | કાર્યકારી અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 15. | ડૉ. નિમિષાબહેન શુક્લ | : | અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 16. | ડૉ. જશવંતભાઈ પંડ્યા | : | અધ્યક્ષ, હિન્દી વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 17. | ડૉ. ભરતભાઈ જોશી | : | પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ. વિ., અમદાવાદ |
| 18. | ડૉ. વિનોદભાઈ પાંડેય | : | અધ્યક્ષ, પત્રકારત્વ વિભાગ, ગૂ. વિ., અમદાવાદ. |
| 19. | ડૉ. રાજેન્દ્ર જોષી | : | મદદનીશ પ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા. |
| 20. | ડૉ. છનાભાઈ ભીંસરા | : | મદદનીશ પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ.વિ., અમદાવાદ. |
| 21. | ડૉ. કે. કે. ખખ્ખર | : | સભ્ય, પૂર્વ પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ, સૌ. યુનિ., રાજકોટ. |
| 22. | ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની | : | સભ્ય, પૂર્વ નિયામક, એકેડેમિક સ્ટાફ કોલેજ, રાજકોટ. |
| 23. | ડૉ. રાજેન્દ્ર ખીમાણી | : | કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

ઉપરોક્ત બેઠકમાં (1) શ્રી ગોવિંદભાઈ રાવલ (ટ્રસ્ટીશ્રી) વિદેશ હોવાથી ઉપસ્થિત રહી શક્યા ન હતા તથા (2) ડૉ. રંજના હરીશ (સભ્ય, આંબાવાડી, અમદાવાદ), (3) ડૉ. હરિભાઈ પટેલ (સંયોજક, અભ્યાસક્રમ વિકાસ એકમ, ગૂ.વિ., અમદાવાદ), (4) શ્રી ભારતીબહેન દેસાઈ (કાર્યકારી અધ્યક્ષ, ગ્રંથાલય વિભાગ, ગૂ. વિ., અમદાવાદ) ભારે વરસાદના કારણે ઉપસ્થિત રહ્યા ન હતા. પરીક્ષા વિભાગ તરફથી વિભાગીય અધિકારી શ્રી હેમંત ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.

કાર્ય - 1 ગઈ તા. 10/06/2013ની બેઠકની અહેવાલનોંધને બહાલી આપવી.

ઠરાવ-1 ગઈ તા. 10/06/2013ના રોજ મળેલી વિદ્યાસભાના ઠરાવોનો અહેવાલ તા. 19/06/2013ના રોજ મોકલી આપવામાં આવ્યો હતો. તેમાં ઠરાવ નં.-15 તથા ઠરાવ નં.-16માં જરૂરી સુધારા કરી બહાલી આપવામાં આવી.

ઠરાવ-15 : બહારના વિશ્વવિદ્યાલયના અધ્યાપકશ્રીઓને જે તે વિષયમાં વિદ્યાવાચસ્પતિ કક્ષાએ માર્ગદર્શક તરીકેની માન્યતાના નિયમોમાં નીચે દર્શાવેલા મુદ્દાઓને આમેજ કરવાનું ઠરાવવામાં આવ્યું.

(1) બહારના વિશ્વવિદ્યાલયના અધ્યાપકશ્રીઓનો માર્ગદર્શક તરીકેનો પરિચય (CV) મેળવવો.

(3) ઈ-મેલ દ્વારા થયેલા યોગ્યતા અંગેના પત્રવ્યવહારને માન્ય કરી શકાય. (નવા નિયમોમાં ઉમેરાવવો.)

(3) દરેક માર્ગદર્શકે સંશોધનના વિષયક્ષેત્રો (**Area of Interest**) અગાઉથી નક્કી કરી મોકલી આપવા.

ઠરાવ-16 : ગૂ. વિ.ના અધ્યાપકોની સંસ્થાગત રજા માટેના નિયમો અંગે જે તે વિભાગના વિભાગીય અધ્યક્ષશ્રીઓ સંબંધિત સંયોજકશ્રી / આચાર્યશ્રી સાથે બેઠક ગોઠવીને મુસદ્દો તૈયાર કરી આગામી વિદ્યાસભામાં રજૂ કરવા મોકલી આપે તેમ નક્કી કરવામાં આવ્યું.

કાર્ય - 2 ગઈ તા. 10/06/2013ની બેઠકની અમલવારીનોંધ ધ્યાને લેવા અંગે. (પરિશિષ્ટ-1)

ઠરાવ-2 ગઈ તા. 10/06/2013ના રોજ મળેલી વિદ્યાસભાના ઠરાવોની અમલવારીનોંધ તા. 18/09/2013ના રોજ મોકલી આપવામાં આવી હતી. તેની નોંધ લેવામાં આવી.

કાર્ય-3 આગામી તા. 18/10/2013ના રોજ યોજાનારા 60મા પદવીદાન સમારંભ દરમ્યાન એનાયત થનારી પદવીઓ, પારિતોષિકોને બહાલી આપવા ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળને ભલામણ કરવા અંગે. (પરિશિષ્ટ-2, 3)

ઠરાવ-3 આગામી તા. 18/10/2013ના રોજ યોજાનારા 60મા પદવીદાન સમારંભ દરમ્યાન એનાયત થનારી વિવિધ 05 પ્રકારની પદવી પરીક્ષાઓના 837 વિદ્યાર્થીઓને પદવી, 08 સુવર્ણચંદ્રક, 01 રજતચંદ્રક, 41 તામ્રપત્ર તથા એક વિદ્યાર્થીને રોકડ પુરસ્કાર આપવા ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-4 વિદ્યાવાચસ્પતિ તથા અનુપારંગત કક્ષાએ માર્ગદર્શક તરીકેની માન્યતા માટેના સંશોધનપત્રોની ચકાસણી ફી અનુપારંગત માટે રૂ. 500/- તથા વિદ્યાવાચસ્પતિ માટે રૂ. 1000/- અરજી કરનાર પાસે મેળવવા અંગે.

ઠરાવ-4 આ પ્રકારની ફી ન લેવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-5 અનુપારંગત તથા વિદ્યાવાચસ્પતિ કક્ષાએ બે – બે સત્રની ફી એક સાથે લેવા બાબતે.

ઠરાવ-5 અનુપારંગત તથા વિદ્યાવાચસ્પતિ કક્ષાએ દરેક વર્ષના બે – બે સત્રની ફી એક સાથે (સત્ર : 1 – 2, 3 – 4, 5 – 6, 7 – 8) એમ ક્રમિક લેવાનું તથા વિદ્યાર્થી દરેક સત્રની ફી જે તે સમયે પણ ભરી શકશે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-6 અનુપારંગત તથા વિદ્યાવાચસ્પતિ કક્ષાએ નિબંધ ચકાસણી ફીમાં વધારો કરવા પરીક્ષા વિભાગની દરખાસ્ત બાબતે.

ઠરાવ-6 અનુપારંગત તથા વિદ્યાવાચસ્પતિ કક્ષાએ નિબંધ ચકાસણી ફી હાલ જે તે પ્રમાણે યથાવત્ રાખવાનું અને તેના બદલે અનુપારંગત તથા વિદ્યાવાચસ્પતિ કક્ષાએ લેવામાં આવનારી પરીક્ષા ફીમાં રૂ. 200/- તથા દરેક સત્રની શિક્ષણ ફીમાં રૂ. 200/-નો વધારો કરવાનું ઠરાવવામાં આવ્યું. આનો અમલ હવે પછી લેવામાં આવનારી પરીક્ષા ફી થતા શરૂ થતા દરેક સત્રથી કરવાનો રહેશે.

કાર્ય-7 ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પત્ર ક્રમાંક :મઉમશબ/શાનિ/1301/25, તા. 5/7/2013ના પત્ર બાબતે. (પરિશિષ્ટ-4)

ઠરાવ-7 હાલ પૂરતું આ કાર્ય મુલતવી રાખવામાં આવ્યું. આગામી બેઠકમાં આ બાબતે ચર્ચા કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-8 વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "અર્થશાસ્ત્ર" વિષયમાં અભ્યાસ કરતા શ્રી નશેમન તાહેરભાઈ માર્કેટવાલાએ ત્રીજા સત્રની ફી ન ભરતા પ્રવેશ રદ થવાના સંદર્ભે આદરણીય કુલનાયકશ્રીએ ફરી પ્રવેશ માટે આપેલા સૂચિત ઠરાવના આદેશ અંગે વિચારણા બાબતે.

ઠરાવ-8 વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "અર્થશાસ્ત્ર" વિષયમાં અભ્યાસ કરતા શ્રી નશેમન તાહેરભાઈ માર્કેટવાલાએ ત્રીજા સત્રની ફી ન ભરતા પ્રવેશ રદ થવાના સંદર્ભે આદરણીય કુલનાયકશ્રીએ ફરી પ્રવેશ માટે આપેલા સૂચિત ઠરાવના આદેશને માન્ય રાખવાનું ઠરાવવામાં આવ્યું.

તા. 25/09/2013 અગાઉના આવા કિસ્સાઓમાં કોઈપણ કારણસર જે તે વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરવામાં આવ્યો હતો તેવા વિદ્યાર્થીઓનો પ્રવેશ ચાલુ રાખવાનું તથા વિદ્યાવાચસ્પતિ કક્ષાએ ચાર સત્ર અને અનુપારંગત કક્ષાએ બે સત્ર પછી શોધનિબંધ રજૂ કરવા અંગેનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો.

કાર્ય-9 નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓના વિવિધ કારણોસર પ્રવેશ રદ થવાને પાત્ર બને છે તે બાબતે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | અભ્યાસની કક્ષા | વિષય | રદ થવા માટેનું કારણ |
|---|---|---|---|---|
| 1. | હેમાંગી પરમાર | અનુપારંગત | પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન | 1) નોંધપોથી ન ભરવી.<br>2) દર બે માસે પ્રગતિ અહેવાલ રજૂ ન કરવા |
| 2. | મોનીકા કંસારા | વિદ્યાવાચસ્પતિ | સમાજકાર્ય | સત્ર-3 શરૂ થવા છતાં સંશોધન દરખાસ્ત રજૂ કરી નથી. |

ઠરાવ-9 ઉપરોક્ત ઠરાવ નં.-8 પ્રમાણે અનુપારંગત કક્ષાએ "પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન" તથા વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "સમાજકાર્ય" વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અનુક્રમે હેમાંગી પરમાર તથા મોનીકા કંસારાનો પ્રવેશ ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-10 વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "ગાંધીવિચાર" તથા "કમ્પ્યૂટર વિજ્ઞાન" વિષયમાં અનુક્રમે મુદિતા વિદ્રોહી અને કનુભાઈ પટેલે સમયસર પ્રગતિ અહેવાલ રજૂ ન કરવાના કારણે બમણી ફી ભરાવવી કે કેમ તે અંગે..

ઠરાવ-10 વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "ગાંધીવિચાર" તથા "કમ્પ્યૂટર વિજ્ઞાન" વિષયમાં અનુક્રમે મુદિતા વિદ્રોહી અને કનુભાઈ પટેલને નિયમ મુજબ બમણી ફી ભરાવવાનું ઠરાવવામાં આવ્યું.

વધુમાં આ વિદ્યાર્થીઓને ચાર સત્રનો મુદત વધારો આપવાનું તથા ચોથા સત્રના અંતમાં જ શોધનિબંધ રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-11 જે તે અભ્યાસક્રમના ગુણપત્ર તથા પદવી પ્રમાણપત્રની નકલ (ડુપ્લીકેટ) અંગે રૂ. 20/-ના સ્ટેમ્પ કાગળ પર સોગંદનામુ લેવા પરીક્ષા વિભાગની દરખાસ્ત બાબતે.

ઠરાવ-11 જે તે અભ્યાસક્રમના ગુણપત્ર તથા પદવી પ્રમાણપત્રની નકલ (ડુપ્લીકેટ) અંગે રૂ. 20/- ના સ્ટેમ્પ કાગળ પર સોગંદનામુ લેવાનું નક્કી કરવામાં આવ્યું.

જે વિદ્યાર્થીઓ ટ્રાન્સક્રીપ્ટ મેળવવા માંગતા હોય તેઓ છેલ્લા સત્રનું પરીક્ષા અરજીપત્ર ભરે ત્યારે ટ્રાન્સ્ક્રીપ્ટ મેળવવાનું અરજીપત્ર ફી સાથે ભરી શકશે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-12 સમાજવિદ્યા વિશારદના અભ્યાસક્રમમાં "અંગ્રેજી" વિષય શરૂ કરવા માટે મળેલી બેઠકના અહેવાલ અંગે. (પરિશિષ્ટ-5)

કાર્ય-12 હાલ પૂરતું આ કાર્ય મુલતવી રાખવામાં આવ્યું.

(નોંધ : સમાજવિદ્યા વિશારદના અભ્યાસક્રમમાં ચાલતા "ગુજરાતી" તથા "હિન્દી" વિષયના અધ્યાપકોને "અંગ્રેજી" વિષયમાં પારંગત (**M.A.**)નો અભ્યાસ કરાવીને આ અંગે ફરી વિચારણા કરવાનું નક્કી કરવામાં આવ્યું.)

કાર્ય-13 અનુપારંગત / વિદ્યાવાચસ્પતિ માટે નોંધણી થયેલા વિદ્યાર્થીઓએ મેળવેલી પદવી યુજીસી અધિનિયમ-2009ની જોગવાઈ અનુસાર છે કે કેમ તે અંગેના યુજીસીના F.No. 1-1/2002 (P5) pt. file-III, તા. 28/09/2009ના પત્ર અન્વયે તૈયાર કરેલા પત્રક બાબત. (પરિશિષ્ટ-6)

ઠરાવ-13 અનુપારંગત / વિદ્યાવાચસ્પતિ માટે નોંધણી થયેલા વિદ્યાર્થીઓએ મેળવેલી પદવી યુજીસી અધિનિયમ-2009ની જોગવાઈ અનુસાર છે કે કેમ તે અંગેના યુજીસીના F.No. 1-1/2002 (P5) pt. file-III, તા. 28/09/2009ના પત્ર અન્વયે તૈયાર કરેલા પત્રકને મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-14 સમાજકાર્ય પારંગત સત્ર-1 તથા સત્ર-3ના અભ્યાસક્રમમાં કરવામાં આવેલા સુધારાવધારા અંગે વિભાગીય અધ્યક્ષશ્રીના તા. 19/07/2013ના પત્ર બાબતે. (પરિશિષ્ટ-7)

ઠરાવ-14 સમાજકાર્ય પારંગત સત્ર-1 તથા સત્ર-3ના અભ્યાસક્રમમાં કરવામાં આવેલા સુધારાવધારાને મંજૂર કરવામાં આવ્યો. બહારના નિષ્ણાતોની યોગ્યતા અને સંપૂર્ણ માહિતી (CV) મેળવવાનું તથા તેમને ચૂકવવાના થતા પુરસ્કારની રકમ સમાજકાર્ય વિભાગ નક્કી કરીને પરીક્ષા વિભાગને મોકલી આપે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-15 એપ્રિલ-2013ની સત્રાંત પરીક્ષામાં વિવિધ મહાવિદ્યાલય / વિભાગો દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવેલી સમૂહજીવન શ્રેણી બાબતે. (પરિશિષ્ટ-8)

ઠરાવ-15 એપ્રિલ-2013ની સત્રાંત પરીક્ષામાં વિવિધ મહાવિદ્યાલય / વિભાગો દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવેલી સમૂહજીવન શ્રેણી બાબતે દરેક વિભાગીય અધ્યક્ષોએ અધ્યાપકો સાથે બેઠક કરી આ અંગે પુનઃ ચર્ચાવિચારણા કરી તે અંગેનો મુસદ્દો / અહેવાલ મોકલી આપવાનું ઠરાવવામાં આવ્યું. આગામી બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-16 સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન વિભાગ, સાદરા ખાતે નિમ્નશ્રેણી કારકુન શ્રી જીતેન્દ્રકુમાર બાલુભાઈ સોલંકીને પારંગત (પત્રાચાર) કક્ષાએ "ગાંધીવિચાર અને સામાજિકવિજ્ઞાન" વિષયમાં આગળ અભ્યાસ કરવા માટે આપેલી સંમતિની નોંધ લેવા અંગે.

ઠરાવ-16 સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન વિભાગ, સાદરા ખાતે નિમ્નશ્રેણી કારકુન શ્રી જીતેન્દ્રકુમાર બાલુભાઈ સોલંકીને પારંગત (પત્રાચાર) કક્ષાએ "ગાંધીવિચાર અને સામાજિકવિજ્ઞાન" વિષયમાં આગળ અભ્યાસ કરવા માટે આપેલી સંમતિની નોંધ લેવામાં આવી.

કાર્ય-17 યુજીસી અધિનિયમ-2009 અંતર્ગત અનુપારંગત કક્ષાએ "સમાજકાર્ય" વિષયના વિદ્યાર્થી સુરેશકુમાર સોલંકીને ચાર સત્ર પૂર્ણ થયા પછી એક માસના આપેલા મુદત વધારાની નોંધ લેવા અંગે.

ઠરાવ-17 યુજીસી અધિનિયમ-2009 અંતર્ગત અનુપારંગત કક્ષાએ "સમાજકાર્ય" વિષયના વિદ્યાર્થી સુરેશકુમાર સોલંકીને ચાર સત્ર પૂર્ણ થયા પછી એક માસના આપેલા મુદત વધારાની નોંધ લેવામાં આવી.

કાર્ય-18 વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "ગ્રામવ્યવસ્થાપન" વિષયના વિદ્યાર્થિની લિપ્સા રાવલને આદરણીય કુલનાયકશ્રીએ વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ પાંચમા વર્ષ માટે આપેલા મુદત વધારાની નોંધ લેવા અંગે.

ઠરાવ-18 વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "ગ્રામવ્યવસ્થાપન" વિષયના વિદ્યાર્થિની લિપ્સા રાવલને આદરણીય કુલનાયકશ્રીએ વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ પાંચમા વર્ષ માટે આપેલા મુદત વધારાની નોંધ લેવામાં આવી.

કાર્ય-19 તા. 14/03/2013ના રોજ મળેલી વિદ્યાસભાના ઠરાવ નં.-5 (પ્રથમ સત્રમાં નાપાસ વિદ્યાર્થી ત્રીજા સત્રમાં ન જઈ શકે તેવા ક્રમિક ઠરાવ)નો અમલ જૂન-2013માં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓથી કરવા નોંધ લેવા બાબતે.

ઠરાવ-19 તા. 14/03/2013ના રોજ મળેલી વિદ્યાસભાના ઠરાવ નં.-5 (પ્રથમ સત્રમાં નાપાસ વિદ્યાર્થી ત્રીજા સત્રમાં ન જઈ શકે તેવા ક્રમિક ઠરાવ)નો અમલ જૂન-2013માં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓથી કરવાની નોંધ લેવામાં આવી.

કાર્ય-20 વર્ષ 2013-14થી ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા કોઈપણ વિદ્યાર્થી મોબાઈલ સાથે જોવા મળશે તો તે વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરવા બાબતે કુલસચિવશ્રીના તા. 03/07/2013ના પત્ર જા.નં. 838/પરીક્ષા/2013-14ના પત્ર બાબતે. (પરિશિષ્ટ-9)

ઠરાવ-20 વર્ષ 2013-14થી ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા કોઈપણ વિદ્યાર્થી મોબાઈલ સાથે જોવા મળશે તો તે વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરવા બાબતે કુલસચિવશ્રીના તા. 03/07/2013ના પત્ર જા.નં. 838/પરીક્ષા/2013-14 પત્ર પાઠવ્યો હતો. આ નિયમ અંગે વિદ્યાપીઠ અને વિદ્યાર્થીઓ સાથે થયેલી સમજૂતી અનુસાર આ સાથે રજૂ કરવામાં આવેલા નિયમોને અમલી કરવા બહાલી આપવામાં આવી.

વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ, અમદાવાદ પરિસર અને ગૂજરાત વિદ્યાપીઠ વચ્ચે મોબાઈલ રાખવા, વાપરવા, નિયમભંગ અને તેના નિયમભંગની કાર્યવાહી, સજા વિગેરે અંગેની સમજૂતી.

– ક્યાં મોબાઈલ ફોનનો ઉપયોગ થઈ શકશે.
  * કન્યા છાત્રાલયમાં મુખ્ય દરવાજાની અંદર.
  * અનુસ્નાતક છાત્રાલયમાં બમ્પની અંદર.
  * પ્રાણજીવન છાત્રાલયમાં મુખ્ય દરવાજાઓની અંદર.

– છાત્રાલયમાં ક્યાં સ્થળે અને સમયે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો.
  * પ્રાર્થના અને શ્રમકાર્યમાં.
  * ભોજન સમયે.
  * જાહેર મિટિંગ, સેમિનાર, કાર્યક્રમોમાં
  * છાત્રાલયની ઑફિસમાં.

– મોબાઈલ ફોન અંગેની શરતો.

* છાત્રાલયમાં ઔચિત્યપૂર્ણ મોબાઈલનો ઉપયોગ કરવો.
* મોબાઈલ હંમેશાં સાઈલેન્ટમાં રાખવો.
* મોબાઈલની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે, તે અંગે કોઈપણ પ્રકારની ફરિયાદ કરવી નહિ.
* વિદ્યાર્થી મોબાઈલના નિયમભંગ ન કરે તેની તકેદારી વિદ્યાર્થી પ્રતિનિધિઓ રાખશે. વિદ્યાર્થી પ્રતિનિધિ નિયમભંગ કરનાર વિદ્યાર્થીની જાણકારી મેળવી કાર્યવાહી કરશે.
* મોબાઈલ અંગેની હેરાનગતિ માટે કોઈ વિદ્યાર્થી ભાઈ – બહેનની ફરિયાદ આવશે તો તે અંગે વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ તે માટેની સત્યતા તપાસશે અને જો યોગ્ય ફરિયાદ હશે તો તે વિદ્યાર્થી ભાઈ – બહેનને એક મહિના સુધી ગાંધીમૂલ્યો આધારિત રચનાત્મક કાર્યમાં જોડવા.
* શૈક્ષણિકકાર્ય જેવાં કે પ્રવાસ, પદયાત્રા, કેન્દ્રનિવાસ, ક્ષેત્રકાર્ય સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ માટેના નિયમો અધ્યક્ષ / આચાર્ય / સંયોજક / નિયામક નક્કી કરે તે પ્રમાણે રહેશે.
* હોસ્ટેલનાં બધા જ રૂમમાં સ્વીચ અને પ્લગ નાખી આપવા, જેના કારણે મોબાઈલ તેમજ લેપટોપ પણ ચાર્જ થઈ શકશે અને મચ્છરો માટેની રીફિલ પણ લગાડી શકાશે.
* હોસ્ટેલમાં મોબાઈલનો ઉપયોગ રાત્રિના 11-00 વાગ્યા સુધી થઈ શકશે. અગિયાર પછી છાત્રાલયમાં ચોક્કસ સ્થળે જ વાપરી શકાશે. જે માટે રૂમ / જગ્યા નક્કી કરવા.
* આ નિયમો તા. 16/09/2013થી લાગુ પડશે.
* આ પ્રતિનિધિ મંડળ નિર્ણય લેવામાં નિષ્ફળ જાય તો તે અંગે ફેરવિચારણા થશે.

– મોબાઈલના નિયમભંગ અંગેની સજા.

* જે વિદ્યાર્થી મોબાઈલ ફોન અંગેના નિયમનો ભંગ કરે તે વિદ્યાર્થીનું સત્ર નામંજૂર કરવું.

સાદરા / રાંધેજા ગ્રામસેવા કેન્દ્રના વિદ્યાર્થીઓ સાથે આને ધ્યાને રાખીને આચારસંહિતા બનાવવામાં આવશે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-21 નીચે દર્શાવેલા સેવકશ્રીઓને તેમના નામ સામે દર્શાવેલા વિષય તથા કક્ષાએ ગૂજરાત વિદ્યાપીઠમાં માર્ગદર્શક તરીકે આપેલી મંજૂરીને બહાલી આપવા અંગે.

| ક્રમ | સેવકનું નામ | વિષય | કક્ષા |
|---|---|---|---|
| 1. | ડૉ. પ્રેમ આનંદ મિશ્ર<br>મદદનીશ પ્રાધ્યાપક, શાંતિ સંશોધન કેન્દ્ર, અમદાવાદ. | - ગાંધીવિચાર<br>- શાંતિ સંશોધન | વિદ્યાવાચસ્પતિ |
| 2. | ડૉ. ગગન બિહારી<br>સહ-પ્રાધ્યાપક, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત. | અર્થશાસ્ત્ર | વિદ્યાવાચસ્પતિ |
| 3. | ડૉ. આકાશ આચાર્ય<br>સહ-પ્રાધ્યાપક, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત. | અર્થશાસ્ત્ર | વિદ્યાવાચસ્પતિ |
| 4. | ડૉ. નિખિલ સુમંતરાય ભટ્ટ<br>અધ્યાપક, બાયોગેસ સંશોધન અને વિસ્તરણ એકમ, સાદરા. | સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન | વિદ્યાવાચસ્પતિ |

ઠરાવ-21 ઉપરોક્ત સેવકશ્રીઓને તેમના નામ સામે દર્શાવેલા વિષય તથા કક્ષાએ ગૂ. વિ.માં માર્ગદર્શક તરીકે આપેલી મંજૂરીને બહાલી આવામાં આવી.

વધુમાં ડૉ. ગગન બિહારી તથા ડૉ. આકાશ આચાર્યનો માર્ગદર્શક તરીકેનો પરિચય (CV) તથા તેમના રસના વિષયક્ષેત્ર અંગેની માહિતી પરીક્ષા વિભાગ મેળવી અર્થશાસ્ત્ર વિભાગને મોકલી આપશે તેવું સૂચન કરવામાં આવ્યું.

કાર્ય-22 અનુપારંગત તથા વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન" વિષયના અભ્યાસક્રમને બહાલી આપવા અભ્યાસક્રમ વિકાસ એકમના સંયોજકશ્રીની દરખાસ્ત અંગે. (પરિશિષ્ટ-10)

ઠરાવ-22 અનુપારંગત તથા વિદ્યાવાચસ્પતિ કક્ષાએ "પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન" વિષયના અભ્યાસક્રમને બહાલી આપવામાં આવી.

કાર્ય-23 ગણિત / આંકડાશાસ્ત્ર / વાણિજ્ય ગણિત વિષય સાથે ધોરણ-12 પાસ વિદ્યાર્થીઓ માટે પાંચ વર્ષનો સંકલિત એમ.સી.એ. અભ્યાસક્રમ શરૂ કરવા કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગના અધ્યક્ષશ્રીની દરખાસ્ત બાબતે. (પરિશિષ્ટ-11)

ઠરાવ-23 ગણિત / આંકડાશાસ્ત્ર / વાણિજ્ય ગણિત વિષય સાથે ધોરણ-12 પાસ વિદ્યાર્થીઓ માટે પાંચ વર્ષનો સંકલિત એમ.સી.એ. અભ્યાસક્રમ શરૂ કરવા માટે કમ્પ્યૂટર વિભાગે AICTE માં મંજૂરી અર્થે કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું.

આ અભ્યાસ શરૂ કરવા માટે જરૂરી સાધન સામગ્રી, વ્યવસ્થા, અધ્યાપકોની જરૂરિયાત વગેરે અંગેનો સમગ્ર અહેવાલ રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-24 એમ.સી.એ. વર્ષ-2ના સત્ર-4માં આવતા વૈકલ્પિક પ્રશ્નપત્ર (MCA-401 : Artificial Intelligence)માં કરવામાં આવેલા સુધારાને મંજૂરી બાબતે. (પરિશિષ્ટ-12)

ઠરાવ-24 એમ.સી.એ. વર્ષ-2ના સત્ર-4માં આવતા વૈકલ્પિક પ્રશ્નપત્ર (MCA-401: Artificial Intelligence)માં કરવામાં આવેલા સુધારાને મંજૂરી આપવામાં આવી.

કાર્ય-25 કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગમાં અધ્યાપક તરીકે ફરજ બજાવતા શ્રી કમલેશકુમાર વ. સાળુંકેને "કમ્પ્યૂટર વિજ્ઞાન" વિષયમાં વિદ્યાવાચસ્પતિ કક્ષાએ પાંચ વર્ષ પૂર્ણ થયા પછી ફરી નામ-નોંધણી અંગેની તેમની અરજી બાબતે.

ઠરાવ-25 કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગમાં અધ્યાપક તરીકે ફરજ બજાવતા શ્રી કમલેશકુમાર વ. સાળુંકેને "કમ્પ્યૂટર વિજ્ઞાન" વિષયમાં વિદ્યાવાચસ્પતિ કક્ષાએ પાંચ વર્ષ પૂર્ણ થયા પછી ફરી નામ-નોંધણી કરાવવાની મંજૂરી આપવામાં આવી. ઉપરાંત નોંધણી તારીખથી વધુમાં વધુ ચાર સત્રમાં શોધનિબંધ રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-26 મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા ખાતે "નિમ્ન શ્રેણી કારકુન" તરીકે ફરજ બજાવતા શ્રી આશવ મહેશકુમાર શાહની આગળ અભ્યાસ કરવાની તેમની તા. 14-09-2013ની અરજી અંગે.

ઠરાવ-26 મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા ખાતે નિમ્ન શ્રેણી કારકુન તરીકે ફરજ બજાવતા શ્રી આશવ મહેશકુમાર શાહને ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે "વાણિજ્ય પારંગત (M.Com.)" કક્ષાનો અભ્યાસ કરવા માટે આ. કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવામાં આવી.

કાર્ય-27 અધિનિયમ-2009માં સુધારા-વધારા બાબત.

ઠરાવ-27 વિદ્યાવાચસ્પતિ / અનુપારંગત અંગે અધિનિયમ-2009માં અગાઉ વિદ્યાસભામાં થયેલા ઠરાવો સામેલ કરીને અધિનિયમ સમિતિ વિદ્યાસભાના તમામ સભ્યોને મોકલી આપે. દરેક સભ્યશ્રી અધિનિયમના તમામ પાસાંનો અભ્યાસ કરીને જરૂરી સુધારા-વધારા સાથેનો મુસદ્દો તા. 01/11/2013 સુધી અધિનિયમ સમિતિને મોકલી આપે. અધિનિયમ સમિતિ આ બધાનું સંકલન કરીને ફરી આગામી વિદ્યાસભામાં રજૂ કરે તેમ ઠરાવવામાં આવ્યું.

અંતે પ્રમુખશ્રીએ સર્વ સભ્યોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂરી થયેલી જાહેર કરી હતી.

તા. 03/10/2013

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ